

**શ્રી જગન્નાથ મંદિરના મહંત વિભૂષિત દિલીપદાસજી મહારાજના મહામંગલકારી જન્મદિવસની શુભેચ્છા...**

શ્રી જગન્નાથ મંદિરના મહંત, ભારત સાધુ સમાજ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ, કુંભમેળાના કોષાધ્યક્ષ, મહામંડલેશ્વર પરમ વંદનીય અનંતશ્રી વિભૂષિત દિલીપદાસજી મહારાજના ૫૧ વર્ષ- એકાધિક સુવર્ણ જયંતીના મહામંગલકારી જન્મદિવસના અવસરે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ દ્વારા શાલ ઓઢાડી, સુકામેવાનો ભવ્ય હાર પહેરાવી તથા ''સુવર્ણ સુમન'' નામાંકિત સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને ખૂબ જ ભાવપૂર્ણ પ્રેમપ્રચૂર શુભકામનાઓ સહ સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં ઘટતાં કોરોના કેસો સામે પાટનગરમાં સંક્રમણની વ્યાપકતામાં ઘટાડો ઓછો

**રાજ્યમાં સાત દિવસમાં ૪૮ ટકાનો ઘટાડો જ્યારે પાટનગરમાં ૩૮ ટકા કેસો ઘટ્યાં : છેલ્લાં સપ્તાહમાં શહેરી વિસ્તારમાં દૈનિક સરેરાશ ૨૮૨ કેસો અને ગ્રામીણ વિસ્તારમાં દૈનિક સરેરાશ ૧૨૮ કેસો**

ગાંધીનગર તા.૦૪

રાજ્યમાં પ્રવર્તી રહેલી કોરોના મહામારીની ત્રીજી લહેરમાં કેસો ઘટી રહ્યાં છે જેમાં ગાંધીનગર શહેરમાં પણ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યાનો આંકડો નીચો આવ્યો છે પરંતુ તે રાજ્યની સરખામણીએ હજુ ચિંતાજનક સ્થિતિ એ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં સાત દિવસ પૂર્વે નોંધાયેલા કેસોની સરખામણીએ આજે નોંધાયેલા કેસોમાં ૪૮ ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે શહેરમાં તે ઘટાડો ૩૮ ટકાનો જોવા મળી રહ્યો છે. બીજી તરફ આ વખતની લહેરમાં કોરોનાના લક્ષણો એટલાં ઘાતક ના લાગતા હોવાથી અનેક નાગરિકો ઘરમાં અગાઉની લહેર વખતે સંગ્રહ કરેલી દવાથી અથવા તો મેડિકલ સ્ટોર્સ પરથી શરદી ખાંસી તાવની દવા મેળવી કામ ચલાવી રહ્યા છે પરંતુ લાંબી લાઈનોમાં ઉભા રહીને ટેસ્ટ કરાવવાનું ટાળી રહ્યાં છે.

ગાંધીનગર શહેરમાં સરકારી આંકડાની સામે હકીકતમાં કોરોના સંક્રમણની વ્યાપકતા વધુ હોવાનું અનુમાન પણ લગાવાઈ રહ્યું છે. શહેરમાં મર્યાદિત સંખ્યામાં કોરોના ટેસ્ટિંગ થઈ રહ્યાં છે અને કેટલાક નાગરિકો તો કોરોના ટેસ્ટિંગ માટે લાંબી લચક લાઈનોમાં ઊભા રહેવાને બદલે કોરોના સેલ્ફ ટેસ્ટિંગ કિટનો ઉપયોગ કરી લેવાનું મુનાસિબ માની રહ્યાં છે. રાજ્યમાં સાત દિવસ પહેલા તા.૨૯મી જાન્યુઆરીએ કુલ ૧૧,૭૯૪ કેસો નોંધાયા હતા તે દિવસે ગાંધીનગરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૩૨૬ હતી. આજે રાજ્યમાં ૬૦૯૭ કેસ નોંધાયા છે જ્યારે પાટનગરમાં આજે નોંધાયેલા કેસોની સંખ્યા ૨૦૩ છે. જોકે ગઈકાલે રાજ્યમાં ૭૬૦૬ કેસ નોંધાયા હતા તેની સામે શહેરમાં ૩૫૪ કેસ નોંધાયા હતા. ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારના કેસોના આંકડા જોઈએ તો સાત દિવસ પહેલાં ૧૬૧ કેસ હતા તેની સામે આજે ૭૫ કેસ નોંધાયા છે મતલબ કે ગ્રામીણ વિસ્તારમાં સાત દિવસમાં કેસોની સંખ્યા ૫૩ ટકા સુધી ઘટી છે જ્યારે શહેરી વિસ્તારમાં માત્ર ૩૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. છેલ્લા સાત દિવસમાં કેસોના કુલ આંકડા જોઈએ તો ગાંધીનગર શહેરી વિસ્તારમાં દૈનિક સરેરાશ ૨૮૨ કેસોની અને ગ્રામીણ વિસ્તારમાં દૈનિક સરેરાશ ૧૨૮ કેસોની જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ વખતની લહેરમાં કોરોના એટલો ઘાતક જણાતો નથી કે જેમાં દર્દીને ઓક્સિજનની કમી વર્તાય કે વેન્ટીલેટર પર લઈ જવા પડે તેવી હાલત સર્જાય તેવા કિસ્સા જોવા મળતા નથી અને મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં જ સાજા થઈ જાય છે જેના કારણે પણ કેટલાંક દર્દીઓ કોરોનાના લક્ષણો હોવા છતાં ટેસ્ટ કરાવવાનું ટાળી ઘરે જાતે જ દવા લઈને આરામ કરી લેવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



**તમને ખબર છે ? તમે જે કરો છો તેને અમારી ભાષામાં આત્મનિર્ભર કહેવાય...!!**

# વિદ્યાર્થીને ભણવા રૂપિયો ખિસ્સામાંથી કાઢવો નહી પડે

**મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે : ધો.૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા અને ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા યુવાઓને લાભ**

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ હવે ધોરણ-૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા અને ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા યુવાઓને મળતો થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના યુવા વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. વાર્ષિક રૂ. ૪.૫૦ લાખ આવક ધરાવતા પરિવારના યુવાઓને લાભ મળશે.

ઉચ્ચ શિક્ષણ અભ્યાસ ક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો યુવા હિતકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણય અનુસાર હવે ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ વધુને વધુ યુવાછાત્રોને મળે તે માટે ભૂપેન્દ્ર પટેલે આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિના લાભ વધુ સરળ બનાવ્યા છે. શિક્ષણ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાઓને આ યોજનાનો લાભ મળશે. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારીત કરવામાં આવી છે તે મુજબ ધોરણ ૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦ ટકા રકમ અથવા રૂ. ૫૦ હજાર બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે.

# ૪ મહાનગરોના ૨૫૩ કરોડ રૂપિયા મુખ્યમંત્રીએ મંજૂર કર્યા

રાજ્યના ૪ મહાનગરોમાં વિવિધ વિકાસ કામો માટે કુલ ૨૫૩ કરોડ રૂપિયાના કામોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી હતી. અમદાવાદ માટે-રૂ. ૧૧૦ કરોડ – સુરતમાં ફલાયઓવર માટે રૂ. ૭૦ કરોડ-વડોદરામાં ખાનગી સોસાયટી જનભાગીદારી કામો માટે રૂ. ૬૩.૫૩ કરોડ – જામનગરમાં મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે રૂ. ૯.૧૬ કરોડને મંજૂરી આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહાનગરો-નગરોમાં વિવિધ વિકાસ કામો તથા આઉટગ્રોથ વિસ્તારના કામો માટે ગ્રાન્ટ ફાળવવાનો આગવો અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં તેમણે રાજ્યના ૪ મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને જામનગર માટે કુલ મળીને ૨૫૩ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી છે.



ગુજરાત બ્રહ્મસમાજ રાજય કક્ષાના હોદેદારો દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત બ્રહ્મ સંસ્કૃતિના વિશ્વ પ્રચારક સચ્ચિદાનંદજીનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. કોબા આશ્રમ ખાતે યોજાયેલા સન્માન સમારોહ દરમિયાન ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ સહીતના હોદેદારો અને સમાજના સભ્યોએ ગાંધીનગર બ્રહ્મભવન માટે સ્વામીજીએ આપેલા યોગદાન બદલ પણ આભાર અને અભિનંદનની લાગણી વ્યકત કરવામાં આવી હતી. સમાજના શ્રેષ્ઠી સ્વામી સચ્ચિદાનંદજી અને ડાહ્યાભાઈ શાસ્ત્રી, જે એમ વ્યાસ અને ડો લતાબેન દેસાઈને પણ પદ્મશ્રી પુરસ્કાર મેળવવા બદલ હર્ષની લાગણી વ્યકત કરી હતી.

# વિકાસના પાટે દોડતાં ગિફ્ટ સિટીના કર્મચારીઓ પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાથી વંચિત..!!

**ગાંધીનગર-અમદાવાદથી મોટી સંખ્યામાં અપડાઉન કરતાં કર્મચારીઓ : મેટ્રો ચાલુ થાય તે પહેલા નિયમિત બસ સેવા શરૂ કરાય તે ઇચ્છનીય**

ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગરના ગિફ્ટ સિટીનો વિકાસ ઝડપભેર થઈ રહ્યો છે. તાજેતરમાં કેન્દ્રીય બજેટમાં પણ નાણામંત્રી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ફિન ટેક યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય જાહેર કરાયો છે. જોકે વિકાસના માર્ગે પુરપાટ દોડવા થનગની રહેલી ગિફ્ટ સિટીમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે પુરતી જાહેર ટ્રાન્સપોર્ટની સુવિધાઓ ના હોવાથી તેઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યાં છે.

ગિફ્ટ સિટી ગાંધીનગર માટે વિકાસનું નવું સોપાન છે જેનું સ્વપ્ન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી હતા ત્યારથી જોયું છે. અત્યારે ગિફ્ટ સિટી ખાતે છ હાઈ રાઈઝ ટાવર ચાલું થઈ ગયા છે તેમજ ઈન્ટરનેશનલ કક્ષાના રિસોર્ટ તથા ક્લબ ઉપરાંત સ્કૂલ વગેરેનો પણ વિકાસ થયો છે. ગિફ્ટ સિટીમાં રોજગારીનું સર્જન થઈ રહ્યું છે અને એક અંદાજ મુજબ અહીં બારેક હજાર જેટલા નોકરિયાતો કામ કરી રહ્યા છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે પરંતુ આ નોકરિયાતો માટે પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા પુરી પાડવામાં તંત્ર ઉણું ઉતર્યું હોવાનું સ્પષ્ટ અનુભવાઈ રહ્યું છે.

અહીં ગાંધીનગર શહેર તેમજ અમદાવાદથી પણ મોટી સંખ્યામાં કર્મચારીઓ અપડાઉન કરીને કામ કરવા આવી રહ્યાં છે. મૂળ ગાંધીનગર શહેરથી દૂર વિકસેલી ગિફ્ટ સિટી આમ તો મેટ્રો રેલ્વેથી જોડાવાનું છે જેનું કામ પણ ચાલી રહ્યું છે પરંતુ હાલ પુરતી બસ સેવા પણ ઉપલબ્ધ નથી. અપૂરતી પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધાને કારણે અહીં કામ કરતા નોકરીયાતો નોકરી આવવા જવામાં ભારે પરેશાનીનો સામનો કરી રહ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દલાલ સ્ટ્રીટ ટાવર પણ શરૂ થવાનો છે તેમજ અહીં વધુ સંખ્યામાં ફાઈનાન્સ કંપનીઓ અને મોટી આઈટી કંપનીઓ સહિતના સાહસિકો આવવાનું વિચારી રહી છે પરંતુ અહીં કામ કરનારા કર્મચારીઓ માટે પરિવહનની અસુવિધા એ મોટી સમસ્યા બની રહી છે જેના કારણે કંપનીઓ પણ પાછી પડી રહી છે. અહીં કર્મચારીઓ માટે બસ, રેલવે કે અન્ય કોઈ પબ્લિક ટ્રાન્સપોર્ટ સુવિધા ઉપલબ્ધ નથી તેને ગંભીરતાથી લઈને તંત્ર ઝડપથી પગલાં ભરે અને નિયમિત પણે ગાંધીનગર અને અમદાવાદથી બસ સેવાથી શરુઆત કરાય તે જરૂરી બન્યું છે.

# બેંક ઓફ ઈન્ડિયાનો ત્રીજા ત્રિમાસિક ગાળામાં નફો ૯૦ટકા વધીને ૧૦૨૭ કરોડ થયો

ગાંધીનગર ખાતેની બેંક ઓફ ઈન્ડિયાના રીઝનલ શાખાએ અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે તા. ૪થી ફેબ્રુઆરીએ યોજાયેલી બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના તૃતીય ત્રિમાસિક ગાળાના પરિણામોને મંજૂરીની મહોર મારવામાં આવી છે જે અનુસાર બેંકનો ચોખ્ખો નફો ત્રીજા ક્વાર્ટરમાં ૯૦.૦૨ ટકા વધીને રૂ.૧૦૨૭ કરોડને આંબી ગયો છે. આ સાથે બેંકની અસ્કયામતો પર વળતર વાર્ષિક ૨૩ બીપીએસ પોઈન્ટ સુધારીને ૦.૫૧ ટકા પર, ઈક્વિટી પર વળતર ૧૧.૫૯ ટકા પર, વાર્ષિક ૨૦૫ બીપીએસ પોઈન્ટના વધારા સાથે ૧૩.૧૬ ટકાના સીઈટી-૧ રેશિયો સાથે ૧૬.૬૬ ટકા પર જ્યારે સીઆરએઆર દ્વારા સુધારેલા નેટ એનપીએ રેશિયો અનુક્રમે ૧૩બીપીએસ ઘટીને ૨.૬૬ ટકા પર નોંધાયો છે. આ સાથે પ્રોવિઝન કવરેજ રેશિયો ૮૬.૬૬ ટકા જેટલું ઊંચો રહ્યો છે. સીએએસએ થાપણોમાં સીએએસએ રેશિયો ૪૪.૦૭ ટકા સાથે વાર્ષિક ૧૦.૭૪ ટકા વધ્યો છે. ત્રીજા ક્વાર્ટર માટે ચોખ્ખી વ્યાજ આવક રૂ.૩૪૦૮ કરોડ હતી જે વર્ષ ૨૦૨૦-૨૧ના ત્રીજા ક્વાર્ટર માટે રૂ.૩૭૩૯ કરોડ હતી તેજ રીતે બિન-વ્યાજ આવક અનુક્રમે રૂ.૧૮૯૭ કરોડ સામે રૂ. ૧૮૩૫ કરોડ થઈ છે. બેંકના ગ્રાહકોમાં ડિજિટલ બેંકિંગ અપનાવવામાં સતત વધારો જોવા મળ્યો છે. ઈન્ટરનેટ બેંકિંગ વપરાશકર્તાઓ ડિસેમ્બર-૨૦૨૦માં ૭.૪૧ મિલિયન હતા તે વધીને ૮.૧૮ મિલિયન થયા છે અને મોબાઈલ બેંકિંગ વપરાશકર્તાઓ ડિસેમ્બર-૨૦૨૦માં ૩.૮૯ મિલિયનથી વધીને ૫.૬૧ મિલિયન જ્યારે યુપીઆઈ વપરાશકર્તાઓ ૧૨.૩૧ મિલિયન થયા છે.



# સિવિલમાં ૭૫ વર્ષિય મહિલાનું કોકલીયર ઈમ્પ્લાન્ટનું સફળ ઓપરેશન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગોધરાના ૭૫ વર્ષિય મહિલાનું કોકલિયર ઈમ્પ્લાન્ટનું સફળ ઓપરેશન ઈએનટી વિભાગના ડો. નિરજ શુરી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે ઓપેશન સફળ થતા મહિલા ફરીવાર સાંભળતા થઈ જશે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પંચમહાલના ગોધરા નજીક ગામમાં રહેતા ૭૫ વર્ષિય આશમાબેન ખાનપુરવાલાને ઓછુ સાંભળવાની તકલીફ હતી. જેથી તેઓ કાનમાં હીયરીંગ એડ પહેરતા હતા. પરંતુ તેનાથી પણ તેઓને ખાસ કોઈ ફેર પડ્યો ન હતો. જેને પગલે તેમના પતિ કે જેઓ બ્રેઈન સ્ટોકથી પિડાય છે તેમની માવજતમાં મહિલાને તકલીફનો સામનો કરવો પડતો હતો. જેથી તેમને કોકલીયર ઈમ્પ્લાન્ટ લગાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે પરિવારજનોના સાથે અને સહકાર થી તેઓ ગાંધીનગર સિવિલ ખાતે ઈમ્પ્લાન્ટ માટે એડમીટ થઈ વિવિધ ટેસ્ટ કરાવ્યા હતા.ત્યારબાદ તા. ૨ ફેબ્રુઆરીના રોજ તેમનુ સિવિલ હોસ્પિટલ ખાતે જટીલ પણ સફળ ઓપરેશન થયુ હતું. આ ઓપરેશનમાં ઈએનટી સર્જન ડો.નિરજ સુરી, અને તેમની ટીમના સભ્યોમાં ડો. વિજય પ્રકાશ, ડો.દિવા, ડો.કાજલ, ડો.ચાંદની, એનેસ્થેસીયાની ટીમમાં ડો.શોભના ગુપ્તા (ડીન,ગાંધીનગર મેડીકલ કોલેજ), ડો.ધારા, ડો.રીચા, ડો.ચિરાગ, ડો.ફેઝલ સહિત ડો. અમિત આનંદ જય ગણેશા હતા જે થેરાપી આપશે. આ ઓપરેશન બાદ પાંચ વર્ષ બાદ મહિલાને શ્રવણશકિત પાછી મળી છે.

# હિંમતનગરમાં મૂથૂટ ફિનકોપને ૫૩ લાખનું નકલી સોનું પધરાવી છેતરપીંડી

**૧૭ આરોપીઓ વિરુદ્ધ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ**

હિંમતનગરના જૂની સિવિલ વિસ્તારમાં આવેલ મુથૂટ ફિનકોપ લી. કંપનીને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૬ જેટલા ગ્રાહકોએ રૂ. ૫૩,૦૫,૩૦૬ ની કિંમતનું ૨૦૭૦.૫ ગ્રામ વજનનું નકલી સોનું પધરાવી છેતરપીંડી આચરતાં મામલો હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પહોંચ છે. પોલીસે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૬ આરોપીઓ વિરુદ્ધ વિશ્વાસઘાત-છેતરપીડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મુથૂટ ફિનકોપ લી. કંપની દ્વારા હિંમતનગરમાં તેની શાખા ખોલવામાં આવી હતી. વર્ષ-૨૦૧૯-૨૦ થી અત્યાર સુધીના સમયગાળા દરમ્યાન બંન્ને જિલ્લાના ૧૬ જેટલા ગ્રાહકોએ હિંમતનગર શાખામાં ડુપ્લીકેટ સોનું પધરાવી સોના ઉપર મળતી લોન ગ્રાહકોએ મેળવી હતી. ૧૬ ગ્રાહકોએ ૪૯ જેટલી લોન ઉપર રૂ. ૫૩,૦૫,૩૭૬ની લોન લીધી હતી. ત્યારબાદ વ્યાજ સહિત લોન નહીં ચૂકવતાં મુથૂટ ફિનકોપ દ્વારા તેમને વારંવાર તેમનું સોનું છોડાવી લેવા તાકીદ કરવા છતાં ગ્રાહકો લોન ભરપાઈ કરવા કે ગીરવે મૂકેલું સોનું પરત લેવા માટે આવ્યા ન હતા. જેથી સ્ટાફના માણસો દ્વારા તેમના ઘરે જઈને નોટિસ પણ મોકલવામાં આવી હતી અને નોટિસનો જવાબ પણ આપવામાં ન આવતાં છેવટે સોનાની ખાત્રી કરાવતાં ગીરવે મૂકેલ સોનાના મોટાભાગના દાગીના ડુપ્લીકેટ હોવાનું જણાતાં મુથૂટ ફિનકોપ લી. સાથે છેતરપીંડી થયાનું જણાતાં કુલ રૂ. ૫૩,૦૫,૩૭૬ અને વ્યાજ સહિત કુલ રકમ રૂ. ૮૭,૦૫,૨૪૧ની છેતરપીંડી કર્યાની ફરિયાદ પાર્થ ગેમરભાઈ રબારીએ નોંધાવતાં બી-ડીવીઝન પોલીસ સ્ટેશને નોંધાતાં પોલીસે ૧૬ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કંપનીનો વેલ્યુઅર પણ છેતરાયો...

સોનું ગીરવે રાખતી કંપનીએ ગ્રાહકોનું સોનું ખરીદતા અગાઉ તેના માન્ય કરેલા વેલ્યુઅર (ઝવેરી) પાસે ચકાસણી કરાવતા હોય છે તે મુજબ ગીરવે લીધેલા ડુપ્લીકેટ સોના ઉપર સોનાનો ઢોળ ચઢાવેલો હોવાથી વેલ્યુઅર પણ છેતરાયો હતો અને તપાસ દરમ્યાન ૧૬ ગ્રાહકોએ ડુપ્લીકેટ સોનું પધરાવી રુપિયા ઉસેળ્યાનું બહાર આવ્યું છે.

## ૭૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ વયના છે. મોટી વયના લોકો અને મહિલાઓ વધુ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દી ૧૦ કે તેથી ઓછી વયના છે. કલોલમાં ૭ વર્ષનો દિકરો અને ધનિયોલમાં ૯ વર્ષની દિકરી કોરોનાથી સંક્રમિત થઈ છે. દહેગામ શહેરમાંથી ૩ કેસ મળવા ઉપરાંત શક્તિપુરા, ધમીજ, કડાદરા, રામનગર, પાટનાકુવા, ધનિયોલ, ઉદણ, લવાડ, રખિયાલ, વાસણા ચૌધરી અને નાંદોલમાંથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગરમાં સાદરા, દશેલા, ગિફટસીટીમાંથી ૨-૨ કેસ, અડાલજમાંથી ૧૪ કેસ, દંતાલીમાંથી ૭ કેસ ઉપરાંત લવારપુર, ચંદ્રાલા, રૂપાલમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલમાં અદાણી શાંતિગ્રામ તેમજ કલોલ શહેરમાંથી ૫-૫ કેસ મળવા ઉપરાંત જાસપુર, વડસર, રામનગર, રાંચરડા, નાંદોલીમાંથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા શહેરમાંથી ૩, અલુવા અને રાજપુરામાંથી ૨-૨ કેસ ઉપરાંત રંગપુર, લિંબોદ્રા, વાગોસણા, અમરાપુર, રામપુરામાંથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૬૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશન તેમજ કોરોનાની ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટે તાકીદ કરવામાં આવી છે.

## કોર્ટ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમિતિ સમક્ષ થયેલી અરજીઓનો પણ લાંબા સમયથી નિકાલ આવતો નથી. આવાસ સમિતિની બેઠક પણ લાંબા સમયથી થતી નથી. શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી જોખમી મકાનોની સંખ્યા પણ વિશેષ છે. જેના લીધે તબક્કાવાર આવાસો તોડવામાં આવી રહ્યા છે. શહેરમાં હાલની સ્થિતિએ જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે ત્યારે રહેણાંકને લાયક મકાનોના અભાવે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. જયારે જુના અને જોખમી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. પરંતુ મુખ્યમંત્રીની જાહેરાતના અંતે હજુ સુધી નવા આવાસોના મામલે સાઈટ નક્કી થઈ નથી. સેકટરોમાં એકબાજુ જોખમી આવાસો તોડવા સહીત જરૂરી બ્લોકનુ મજબુતીકરણ પણ કરવામાં આવે છે. જેના હાલ રહેણાંકને લાયક આવાસોની ફાળવણી કરવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં સ્થિત સરકારી આવાસોમાં નિવૃતિ અને અવસાનના કિસ્સા બાદ પણ અન અધિકૃત કબજો ધરાવતા કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. હાલની સ્થિતિએ શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો પૈકી ૧૫૫ જેટલા મકાનોમાં અનઅધિકૃત કબજેદારોનો વસવાટ હોવાનુ પણ સર્વેના અંતે ધ્યાને આવ્યુ છે. જેની સામે તંત્ર દ્વારા ટુંકમાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે. જયારે આ મામલે અગાઉના ૨૦૦ જેટલા કેસ પણ ઈવિકશન કોર્ટમાં પેન્ડીંગ છે. વર્ષ ૨૦૧૪ થી ૧૮ દરમિયાન આવાસોમાં ગેરકાયદેસર વસવાટ કરવાના ૨૦૦ કીસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાયા હતા જયારે આ પેન્ડીંગ કેસનો પણ ઝડપથી નિકાલ આવતો નથી જયારે કડક કાર્યવાહીના અભાવે સરકારી મકાનો અનઅધિકૃત વસવાટની ગિરફતમાં આવી ગયા છે.

## બાકી કામો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને દબાણો દુર કરવા માટે પણ તાકીદ કરી હતી. સવારે ૯ વાગ્યની આસપાસ જ કમિશ્નર અધિકારીઓની ટીમ લઈ આ વિસ્તારની મુલાકાતે પહોંચી ગયા હતા. આ દરમિયાન તેમણે માળખાગત સુવિધાના મામલે નકશા સાથે તમામ માહીતી મેળવવા ઉપરાંત ગુડા દ્વારા અનામત રાખવામાં આવેલા કપાતની જમીનના પ્લોટના કબજા મેળવી લેવા જણાંવ્યુ હતુ પેથાપુરની પેરીફેરીનો ૨૪ મીટરનો વાહન પરિવહન માટે અત્યંત મહત્વનો રોડ હજુ કેમ ખોલવામાં આવ્યો નથી જયારે આ મામલે નડતી અડચણો અંગે અધિકારીઓને પૃચ્છા કરી ત્વરિત આ કામગીરી પુર્ણ કરવા માટે પણ સુચના આપી હતી. આ ઉપરાંત માર્ગને બ્લોક કરતા કે ટ્રાફિકને અડચણરૂપ થતા વાહનો તેમજ લારી ગલ્લાના દબાણો પણ દુર કરવા માટે સુચના આપી હતી. ગાંધીનગરના સેકટરોને અડીને આવેલા પેથાપુરમાં લાંબા સમયના અંતે પણ માળખાગત સુવિધાઓ યોગ્ય થઈ શકી નથી. જેની પાછળ રાજકીય સમીકરણો પણ જવાબદાર હોવાનુ ચર્ચાસ્થાને છે. જયારે હવે આ વિસ્તાર મહાનગરપાલિકમાં સમાવિષ્ટ થઈ ચુકયો છે. અંદાજિત ૧૬ વર્ષ અગાઉ સરકારે આ વિસ્તારને અનુલક્ષી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં-૧૬ ને મંજુરી આપી દીધી હોવાછતા હજુ સુધી લાંબા સમયના અંતે પણ રસ્તાઓ પણ ખોલવામાં આવ્યા નથી. ગટરના કામો પણ બાકી હોવાનુ ધ્યાને આવતા કમિશ્નરે આ વાતને ગંભીરતાથી ધ્યાને લઈ માળખાગત સુવિધાઓ યોગ્ય કરવા માટે પણ અધિકારીઓને જરૂરી સુચના આપી હતી.

## ઠંડુગામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તા ૧૯ ફેબ્રુઆરી સુધી ઠંડીના પારાની વિશેષ ચઢ ઉતર જોવા મળશે ત્યારબાદ વાતાવરણમાં ધીમે ધીમે ગરમીનુ પ્રમાણ વધશે. ઠંડીનો મિજાજ સતત બદલાતા નગરજનો પણ વિચિત્ર મોસમની અસરથી સુસ્તી અને બેચેની અનુભવી રહ્યા છે. આકરી ઠંડીથી શહેરીજનો તોબા પોકારી ગયા છે. છેલ્લા બે દિવસથી દિવસનો તાપ પણ આકરો બનતા નગરજનો દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરી રહ્યા હતા. જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો મિજાજ અચાનક જ ઉગ્ર બની જતા ગાંધીનગર કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. અચાનક ઠંડી વધતા નગરના જનજીવન પર અસર વર્તાઈ રહી છે. રાત્રિના સમયે નગરના માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો જોવા મળે છે. બીજીતરફ વસંત પંચમીના લીધે શહેરમાં લગ્નસરાની મોસમ નિખરી છે. ત્યારે કોરોનાના ગ્રહણથી પ્રભાવિત લગ્ન સમારોહમાં ઠંડી પણ ઉગ્ર બનતા લગ્ન મહોત્સવના આયોજકોની મુંઝવણ વધી છે. આકરી ઠંડીના લીધે શહેરીજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે જયારે સેકટરોમાં પણ સાંજ ઢળતા ઘણાં ઠેકાણે તાપણા સળગતા નજરે પડે છે. હજુ ઠંડીનુ જોર યથાવત રહેશે તેમ પણ હવામાન તજજ્ઞો માની રહ્યા છે.

## જાહેર નિવિદા

મદદનીશ પશુપાલન નિયામકશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, સેકટર-૧૭, ગાંધીનગર (મોબાઈલ નં. ૯૭૭૯૪૯૪૩૯૧) હસ્તકના બિનઉપયોગી વાહન નં. જીજે. જે. ૧૮. યુ - ૮૮૬૯ (એમ્બ્યુલન્સવાન)ની જે તે સ્થિતિમાં જાહેર હરાજી ઉક્ત કચેરી ખાતે તા. ૨૪/૨/૨૦૨૨ના રોજ બપારનો ૧૫-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈસમોએ કચેરીના કામકાજના દિવસોએ ઉક્ત કચેરીએ નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ હરાજીની બોલીઓ અને શરતો વાંચી તેનું પાલન કરવાનું રહેશે અને પશુ દવાખાના - ગાંધીનગર સે.૩૦માં જુની આર.ટી.ઓ. ઓફીસ પાસેના સ્થળે ચાલુ કામકાજના દિવસોએ સ્થળ પર આવી વાહન જોઈ લેવાનું રહેશે.

જા.નિ.નં. ૧/૨૦૨૧-૨૦૨૨

સહી/-
મદદનીશ પશુપાલન નિયામક
જિલ્લા પંચાયત, ગાંધીનગર

માહિતી/૩૦૪૪/૨૧-૨૨